Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું વિક્રમ સંવત્ ૧૯૬૧—માગશર અંક ૫ મો.

## પ્રભુ સ્તુતિ.

જે માંગલ્ય સ્વરૂપ મંગલમય શ્રી ધર્મ[1] તે ધારતા,
દાતા[2] મંગલનાજ મંગલ બની માંગલ્યમાં મ્હાલતા;
માની મંગલકારી મંગલ વિભુ માંગલ્યમાં સૌ સ્મરે[3],
આપો મંગલ તે પ્રભુ જગતના માંગલ્ય વિઘ્નો હરે, ૧

## જૈન કોન્ફરનસના તૃતીય વિજયનું ગીત.

હરિગીત.

શ્રી જૈનના જયકાર નાદે ગગન ગાજ્યું ગર્વથી,
બનિ સુખદ સુંદર સત્સમાજે[4] સરસ શોભા સર્વથી;

૧ શ્રી જૈનધર્મને. ૨ આપનાર. ૩ સંભારે. ૪ સજ્જન ગૃહસ્થોના સમાજમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ વિજય વાણી વિજય વાજા વિજયકારી સાજનો,
વટપત્તને વટથી બન્યોછે વિજય જૈન સમાજનો. ૧
શુભ સંઘ ભારતવર્ષનો એકત્ર થઇ આવી રહયો,
ભુવસિંહજી બહાદૂર જેવા પ્રમુખ થી ગાજી રહયો;
અતિ હર્ષથી ઉત્કર્ષ કીધો જૈનના હિત કાજનો,
વટપત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૨
રંગે ઉમગે મંડપે મહારાજ આપ પધારિઆ,
ગુર્જરપતિ જય ગર્જનાથી પ્રેમ સાથ વધાવિઆ;
ત્યાં થઇ રહયો જયકાર ગાયકવાડના શિરતાજનો,
વટપત્તને વટથી બન્યોછે વિજય જૈન સમાજનો. ૩
યુવરાજ ફતેહસિંહરાવતણા સુભાષિત બોધથી,
આભારી થઇ આર્હત સમાજ સ્વધર્મના શુભ શોધથી;
આશ્રય મલ્યો યશકારી ઉત્તમ સર્વ ગુર્જર રાજનો,
વટપત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૪
કરૂણા કરી શ્રી કમલવિજયાચાર્ય આપ પધારિઆ.
દિલદાર ડેલિગેટ ભારતવર્ષના સહુ તારિઆ;
ઉપદેશથી આભાર માનો સર્વ એ મુનિરાજનો,
વટ પત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૫
શ્રી વીરવિજયે તમ વિદાર્યું ધર્મના સુખદાયકે,
જયવંત કીધું જૈન શાસન જગતમાં મુનિ પાઠકે;
પરિવાર વિજયાનંદનો ઉપકારી સર્વે સમાજનો,
વટ પત્તને વિજયી બન્યો છે વિજય જૈન સમાજનો. ૬
ગાજયા ગિરાથી ગુર્જરો હિંદી વધ્યા ઉત્કર્ષથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌરાષ્ટ્ર વીરો સુસ્વરે ઉચ્ચાર કરતાં હર્ષથી;
મરૂવીર ઢઢ્ઢા વાણીનો નવરંગ જામ્યો આજનો,
વટપત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૭
સત્કાર કીધો સ્નેહથી વટપત્તને શ્રાવક જને,
સાધર્મી સેવા આચરી અતિરંગથી ઉજ્વલ મને;
ડંકો બજાવ્યો દેશમાં કરી ચકિત સર્વ સભાજનો,
વટપત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૮
ઘડી નિયમ નિર્મલ ઉદય કીધો જૈનનો બહુ સંમતે,
સંસારિ ધાર્મિક ઉન્નતિ કરવા મથે શુભ સંગતે;
તે નિયમથી સહુ વર્તજો જિન ભક્ત ભારતના જનો,
વટ પત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૯
મહનીય મંગલ રૂપ શાસન દેવતા જય આપજો,
જયવંત જૈન સમાજ કેરા વિઘ્ન સર્વે કાપજો;
અણહિલ્લપાટણમાં થજો અતિ વિજય જૈન સમાજનો,
વટ પત્તને વટથી બન્યો છે વિજય જૈન સમાજનો. ૧૦

---

# વડોદરામાં મળેલી ત્રીજી શ્વેતાંબરી જૈન કોન્ફરન્સ.

## ભારતવર્ષના જૈનોનો મહોત્કર્ષ.

### પ્રથમ દિવસ.

વિક્રમના સંવત્સર ૧૯૬૧ ના કાર્તિક માસની પાંચમનો દિવસ જૈનોના એક સાંસારિક તથા ધાર્મિક કલ્યાણકના જેવો દિવસ હતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી અર્હત પ્રભુના કલ્યાણક ના દિવસો જેમ જૈનોના સિદ્ધિ ગતિના પવિત્ર માર્ગના સૂચકછે તેમ આ દિવસ તેમની સાંસારિક તથા ધાર્મિક ઉન્નતિના સૂચક છે. આ દિવસે ગુર્જર રાજધાનીના પ્રત્યેક ભાગ ભારતવર્ષના જૈન ગૃહસ્થોથી ભરપૂર લાગતા હતા. મધ્યાન્હ કાલે ગગનમણિના કિરણો કોન્ફરન્સના મનોહર મંડપને પ્રકાશિત કરી જૈનોનો અંતરંગ વિજય સૂચવતા હતાં. આ મહા સમાજનો રમણીય મંડપ ગુર્જર પતિના રાજ મહેલની પાસે રચવામાં આવ્યો હતો તે એમ સૂચવતો હતો કે પ્રતાપી ન્યાયી રાજાના નિવાસનો આશ્રય લેવાથી-કરેલું કાર્ય યશસ્વી અને વિજયી નિવડેછે ગુર્જરપતિ મહારાજા એ દીલ્લી દરબારનો સુંદર સમીયાણો આપી પોતાની પ્રજાના રતુત્ય કર્મને દીપાવ્યું. હતું મંડપની શોભા અલૌકિક હતી જેનું વર્ણન કોઇ પ્રતિભા વાલા કવિથીજ થઈશકે તેવું હતું તેની સુંદર શોભા લૌકિક છતાં-દીવ્યતાને દર્શાવતી હતી તેની આસપાસ જૈનોના વિજય સૂચક વાવટાઓ અને રાત્રિને માટે વિદ્યુત્ સમાન દીપકોની શ્રેણી ગોઠવવામાં આવી હતી. મંડપના અગ્રાસન ઉપર પ્રજાપ્રિય મહા-રાજા ગાયકવાડ એક તરફ મહાસમાજના માનવંતા પ્રમુખ તથા અગ્રેસર ગૃહસ્થોના ઉચ્ચાસન ગોઠવ્યા હતા બીજી તરફ વિદ્યાવિલાસી વનિતાઓની મર્યાદાવાલી બેઠક રાખી હતી તેની નજીક વક્તાઓનો અને રીપોર્ટરોના સ્થાન રાખવામાં આવ્યા હતા.

વિજયી કોન્ફરન્સના મહાદ્વારની દક્ષિણ તરફ જૈન લાક્ષણિક પ્રદર્શન ઉભુ કરવામાં આવ્યુ હતું તેની અંદર જૈનોના પવિત્ર ધર્મના જ્ઞાન દર્શન ચારિત્રના ઉપકરણો, તત્વ સૂચક ઉપદેશક દેખાવો, પવિત્ર પદાર્થો અને દેશીય કલાની અભિવૃદ્ધિ સૂચવનારી ચિત્તા-

For Private And Personal Use Only

ર્ષક વસ્તુઓ સુંદર રચનાથી સ્થાપિત કરવામાં આવી હતી. તે પ્રદર્શનને છ વિભાગે ગોઠવવામાં આવ્યું હતુ આપ્રદર્શનને ખુલ્લું મુકવા વખતે મહારાજા ગુર્જરપતિના યુવરાજ શ્રીમાન ફતેહસિંહરાવે એક સદ્બોધક અને આર્હત ધર્મની અતિ પ્રાચીનતા સૂચવનારૂં રસિક ભાષણ કર્યું હતું. એ પ્રતાપી યુવરાજે પોતાના ભાષણથી આપણને અમૂલ્ય બોધ આપેલો છે. તેમાં ખાસ કરીને તેમના ચાર મહા વાક્યો આપણે મગરૂરી સાથે મનન કરવાના છે, અને તેમના ભાષણના સાર રૂપ તે વાક્યો ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિના સૂત્ર સમાન આપણે માનવા યોગ્ય છે. પ્રથમનું વાક્ય, **જૈનોના પુસ્તકો અગત્યની ટીકાથી ભરપૂર અને ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસની તવારીખને યાદ આપનારા છે.** આ તેમનું વાક્ય આપણા ધાર્મિક પુસ્તકોની કેટલી ઉપયોગિતા સૂચવેછે? તે આપણે જોવાનું છે. ગુર્જર દેશના ભવિષ્યના મહારાજાના મુખથી નીકલેલ આ વાક્ય સર્વ અન્ય પ્રાચીન ધર્મોની આગલ પૂર્ણ સાબીતી આપે છે. યુવરાજના મુખ કમલમાંથી બીજું વાકય આ પ્રમાણે આવિર્ભૂત થયું હતું–"**મને બીક લાગે છે કે, જૈન ધર્મની પવિત્ર ચોપડીઓનો સોમો ભાગ બાહાર પડી શક્યો છે** " આ મહા વાકયથી યુવરાજે આપણને કીંમતી બોધ આપ્યો છે. આપણા પ્રમાદને લીધે જૈનધર્મની જ્ઞાન સમૃદ્ધિ માત્ર ભંડારરૂપ કારાગ્રહમાં પડી વિચ્છેદ થાય છે. તેનો સારો ઉદ્ધાર આપણે પ્રમાદથી કરી શકતાં નથી, તે કેવા ખેદની વાર્તા છે? વિદ્વાન્ યુવરાજ પણ પોતાના રાજકીયકાર્યની સાથે આપણાં આ મહાપ્રમાદને જાણેછે અને તેને દૂરકરવા સખ્ત ભલામણ કરેછે. ત્રીજું મહા વા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ય તેઓએ હાલના ઉછરતા યુવાનો કે જેઓ ધર્મને કશી ગણત્રીમાં ગણતા નથી તેને લગતુ છે. તેઓ બોલ્યા છે કે " **સુધારા વિશેના કાચા વિચારોને લીધે લોકો એમ સમજે છે કે, ધર્મ કશી જરૂરનો નથી** " આ મહા વાક્ય આપણા અનાસ્તિક સુધારાવાળાઓને નાભિકમલમાં મનન કરવા જેવું છે, આજ કાલ સુધારાને નામે પ્રવર્ત્તતા કુધારાના ઉપાસક થયેલા જૈન યુવકોના તે વિચાર ઉપર આ વિદ્વાન્ યુવરાજે સજ્જડ ફટકો માર્યોછે અને આપણા યુવાનોને કૃત્રિમ સુધારાના વિપરીત પ્રવાહમાંથી તણાતા બચાવવાને ચેતવણી આપીછે. તેઓ નામદાર આપણા પ્રદર્શનના ભૂમિઉપર જે ચોથું મહાવાક્ય બોલ્યા છે. તે આપણે અન્ય મતિઓમાં સાભિમાનથી વધાવી લેવાનું છે તેઓ બોલ્યા કે " **તમારો ધર્મ મનુષ્ય માટે સર્વોત્તમ અને શ્રેષ્ટ છે.** " આ મહા વાકય ભવિષ્યના ગુર્જરપતિના મુખમાંથી નીકળતું કેવું સુંદર લાગેછે ? તે ચતુર અને વિવેકી યુવરાજ જાણે સમજતા હોય કે, જૈન ધર્મની જાહોજલાલી અમારા રાજ્યમાં થયેલીછે. ભૂતકાળે ગુજરાતના અધિપતિ કુમારપાળે તથા સિદ્ધરાજે જૈનધર્મી હોઇએ પવિત્ર ધર્મને અંતઃકરણથી માન આપેલું છે અને જગતમાં તેઓ જૈનધર્મી કહેવાણા છે.

## પ્રથમ દિવસનું કૃત્ય.

બરાબર મધ્યાન્હકાલે ભારતવર્ષના વિવિધ પ્રતિનિધિઓ કે જેઓની મોટી સંખ્યાથી કોંન્ફરન્સનો વિશાલ મંડપ ચીકાર ભરાઇ ગયો હતો તે વખતે પ્રથમ માંગલ્યકારક ગાયન થયા પછી સત્કાર મંડલના પ્રમુખે આવકાર દર્શાવનારૂં ભાષણ કર્યું હતું જેમાં સર્વનો સત્કાર દર્શાવી છેવટે ગુર્જરપતિ મહારાજા ગાયકવાડ સરકારે આપેલી પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાજરી વિષે અતિ સ્તુત્ય શબ્દો ઉચ્ચારી મહારાજાની પ્રજા પ્રીતિના ઉત્તમ ગુણ વિષે વિવેચન કર્યું હતું. અને તે નામદાર તરફથી કાંઈપણ સદ્બોધ મલે એવી આશા દર્શાવી હતી તે પછી મહારાજા ગાયકવાડે હર્ષના નાદ વચ્ચે ઉભા થઇ સંક્ષિપ્ત અને સદ્બોધક ભાષણ કર્યું હતું. જે ભાષણમાં કેટલાએક તે નામદારના શબ્દો ઘણાં કીંમતી હતા. તેમાં તે નામદારના કેટલાએક શબ્દો તો આપણા સનાતન ધર્મની સાબિતી માટે પૂરતાછે. તેઓ બોલ્યાકે, **જૈનધર્મ એવો સાદો ધર્મ છે કે જેને હૈયાતી ભોગવતાં હજારો વર્ષ થઇ ગયા અને હજારો બીજા મત–પંથ થઇ ગયા તોપણ તે હૈયાતી ભોગવે છે, ત્યારે તેમાં અવશ્ય કાંઇ ઉચ્ચતા હોવી જોઇએ** " આ તે નામદારના વચનો જૈન ધર્મની ઊચ્ચતા અને સર્વોત્તમતાને માટે કેવી સાબીતિ આપનારા છે? એ વિદ્વાન્ મહારાજાના પ્રત્યેક વિચાર પ્રમાણ ભૂત અને જનમ..ય છે.

નામદાર મહારાજા સાહેબનું સંક્ષિપ્ત ભાષણ સમાપ્ત થયા પછી આપણા માનવતા પ્રમુખ સાહેબનું ભાષણ થયું હતું. ભારતવર્ષના મહા સમાજના અધિપતિએ પોતાના ભાષણમાં આપણને ઉત્તમ બોધ આપેલો છે. તેઓએ પ્રથમ આપણાં વિનય મૂલ ધર્મની રીતિ પ્રમાણે પોતે સર્વની સમક્ષ વિનય બતાવ્યો હતો. પછી કાલચક્રના પ્રભાવ વિષે વિવેચન કરી જણાવ્યું હતું કે, આપણ જૈન લોકોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ વિષે સરખામણી કરી આપણે વિચાર કરવાનો છે. તે સાથે જૈનોની ઊન્નતિ અને અવનતિ વિષે ભાન કરાવી ચાલતા જમાનામાં આપણી અવનતિ છે એમ જણાવી આપ્યું હતું. તે પછી આવા મહાસમાજ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો લાભ, ધાર્મીક અને વ્યવહારિક શિક્ષણ, સ્ત્રી કેલવણી, જૈન-સાહિત્ય પ્રસાર, શાલોપયોગી પુસ્તકમાલા, જૈન શિક્ષણ સભા, પ્રાચીન પુસ્તકોદ્ધાર, જીર્ણ મંદિરોદ્ધાર, પ્રાચીન શોધ ખોલ, હાનિકારક રીવાજો તથા કુસંપ ત્યાગ સ્વધર્મી બંધુઓને આશ્રય, જીવદયા અને ડિરેક્ટરી વિષે પ્રમુખ સાહેબે પોતાના સદ્વિચારો વિવેચન સાથે જણાવ્યા હતા. જેમાંના પ્રત્યેક વિષય આપણે મનન કરવા યોગ્ય છે છેવટે દૂર દેશમાંથી પધારેલા પ્રતિનિધિઓના શ્રમને માટે ઉપકાર માની સભા પતિએ પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું

તે પછી કોન્ફરન્સના ઉપજ્ઞ મહાશય મી. ઢઢ્ઢાએ ગુર્જર પતિ મહારાજાના તથા યુવરાજ શ્રી ફતેહસિંહરાવના આ મહા સમાજનાં સાંનિધ્ય માટે ઉપકાર સૂચવનારૂં અમૃતરસમય ભાષણ કર્યું હતું. જેના પ્રત્યુત્તરમાં મહારાજાએ પોતાના મુખ કમલમાંથી મિષ્ટ વચનો કહ્યા હતા. તે પછી સબ્જેક્ટ કમિટી નીમવામાં આવી જેમાં વિદ્વાન્ અને વિચાર શિલ પુરૂષોના નામ દર્શાવવામાં આવ્યા હતા. તે મહાન્ કાર્ય તેજ દિવસની રાત્રિએ ઘણા પરિમર્શનથી નિર્ણીત થયું હતું.

## બીજા દિવસનું કૃત્ય.

બીજે દિવસે મધ્યાન્હ સમયની પહેલા કોન્ફરન્સનો મહા સમાજ ઘણા ઠાઠમાઠથી એકત્ર થયો હતો. મહા સમાજના કાર્યના આરંભમાં પ્રથમ પાંચ ઠરાવો પ્રસાર કરવામાં આવ્યા હતા. પ્રથમના અને બીજા ઠરાવમાં હિંદપતિ શેહેનશાહ **એડવર્ડ** અને ગુર્જરપતિ **મહારાજા સિયાજીરાવ ગાયકવાડનો** આભાર દર્શાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારતવર્ષની જૈન પ્રજાએ પોતાની નિર્મલ રાજભક્તિ પ્રદર્શિત કરી હતી. તેપછી ત્રીજા ઠરાવમાં કોન્ફરન્સની નિઃસ્વાર્થ સેવા કરનારા ચાર જનરલ સેક્રેટરી સાહેબાનો ઉપકાર માની જૈન સમાજે પોતાની અલૌકિક કૃતજ્ઞતા દર્શાવી આપી હતી. ચોથા ઠરાવમાં જૈન કોન્ફરન્સની ઊત્તમ સેવા કરનાર શેઠ ફકીરચંદ પ્રેમચંદના સ્વર્ગવાસ માટે દીલગીરી જાહેર કરી હતી. એ નરરત્નની ખામી ખરેખરી આ પ્રસંગે દેખાતી હતી. પાંચમાં ઠરાવમાં ગતવર્ષના નિયમોની પ્રવૃત્તિ કરવામાં જે જે સ્થાનિક ગૃહસ્થોએ પ્રયત્ન કરેલો તેમને ધન્યવાદ આપવાનું અને તે કાર્યમાં ઉપદેશ રૂપ સાહાય કરનારા મુનિમહારાજાઓનો આભાર માનવાનું સૂચવ્યું હતું આ ઠરાવ વિષે આપણે વિશેષ જાગ્રતિ રાખવાની છે. કોન્ફરન્સ પ્રતિ વર્ષે ઊન્નતિ કારક નિયમો ઘડી બાહેર પાડતી જાય પણ જો તે નિયમોનો અમલ જ્યાંસુધી સ્થાનિક સમાજમાં થાય નહીં, ત્યાંસુધી કોન્ફરન્સ પોતાના કર્ત્તવ્યમાં વિજયી થયેલ નથી એમ સમજવાનું છે. તેપછી છઠ્ઠા ઠરાવની ઉપયુક્ત અને ગંભીર દરખાસ્ત મી. ઢઢ્ઢા તરફથી કરવામાં આવી હતી. કોન્ફરન્સના ઉત્પાદક—પિતા મી. ઢઢ્ઢાએ તે વિષે અસરકારક સવિસ્તર ભાષણ આપ્યું હતું મી. ઢઢ્ઢાએ પોતાના મધુર ભાષણમાં જૈનોની ધાર્મિક અને વ્યવહારિક કેલવણીની વૃદ્ધિ, વ્યવહારિક કેલવણી લેનારને યોગ્ય મદદ આપવાની જરૂર, ધાર્મિક અભ્યાસ સંગીન થાય તેવી શાલાઓનું સ્થાપન, જૈન કન્યાશાલા અને શ્રાવિકાશાલાની આવશ્યકતા, ધાર્મિક પુસ્તકાલયોની સ્થાપનાની જરૂરીયાત, જૈનશાલાઓ અને પુસ્તકાલયો જ્યાં સ્થાપિત હોય તેને ઊત્તેજન, જૈન સાહિત્ય વિદ્યાનો પ્રસાર, જૈન વાંચનમાલાની યોજના અને જૈન સમુદાયમાં વ્યાપાર ઉદ્યોગ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલાની વૃદ્ધિ—એટલા વિષયો ચર્ચાવી તે વિષેનો છઠો ઠરાવ કોન્ફ્રન્સે નિશ્ચિત કરી બાહેર પડયો હતો. તેમના ઉપદેશક ભાષણમાં પ્રત્યેક શબ્દ સર્વ જૈનોને મનન કરવા જેવા હતા. તેમાં બીજા ઘણા આનુષંગિક વિષયો કે જે પ્રત્યેક જૈનબંધુને પરિમર્શન કરી અનુકરણ કરવા જેવા હતા. મી. ઢઢ્ઢાના નિર્મલ અંતઃકરણમાં પોતાના સાધર્મી બંધુઓના અભ્યુદય માટે જે ઊંડી લાગણી રહેલી છે, તે તેમણે પોતાના ભાષણ દ્વારા પૂર્ણરીતે પ્રગટ કરી હતી.

મી. ઢઢ્ઢાના ભાષણને બીજા વિદ્વાન્ વક્તાઓ તરફથી સારૂ અનુમોદન મળ્યું હતું. તેમાં ખાસ કરીને મી. મોતિચંદ ગિરધર કાપડિઆ, વકિલ મૂલચંદ નથુભાઇ તથા મી. કુંવરજી આણંદજીની અનુમોદના સદ્બોધક અને મુખ્ય વક્તાના ભાષણની પૂર્ણ રીતે પોષક હતી. વકિલ મૂલચંદ નથુભાઈએ જૈનોની ઊપર જે અન્ય મતિઓ નાસ્તિકતાનો આરોપ મુકે છે તેને લગતું અને ધાર્મિક વીર્ય વધારવાથી કેવો લાભ છે? તે વિષયનું વિવેચનકરી શ્રોતાઓના મનને આકર્ષ્યા હતા. તેમની પેહેલા મી. મોતિચંદ ગિરધર કાપડીઆએ કેળવણીનું મહાત્મ્ય દર્શાવનારૂં જાપાનિશ શેહેનશાહના રાજ્યના ધારાનું દ્રષ્ટાંત આપી 'સર્વ દુષ્ટ રીવાજોને નિકંદન કરનાર કેલવણી છે' એમ સિદ્ધ કરનારૂં ઊત્તમ ભાષણ આપ્યું હતું. તે પ્રસંગે મી. કુંવરજી આણંદજીએ મુખ્ય વક્તાને અનુમોદના રૂપ અને ધાર્મિક તત્વને સૂચવવાનારૂં અને જૈનોની અભિવૃદ્ધિને દર્શાવનારૂં સંક્ષિપ્તમાં વિવેચન કર્યું હતું. તે શિવાય બીજા વિદ્વાન્ વક્તાઓના અનુમોદન પણ સર્વને આદરણીય અને શ્રાવ્ય થયા હતા. (શેઠ લાલભાઇ દલપતભાઇએ પરદેશ ગમનને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પોતાના અમૂલ્ય ઊદ્‌ગારો તે દિવસે કાઢયા હતા, તે ખરેખરા જૈન પ્રજાની ઊન્નતિના કારણ રૂપ છે. તે સાથે આ કોન્ફરન્સના બંધારણને લગતા જે વિચારો બતાવ્યા, તે અંતઃકરણથી અભિવંદન કરવા યોગ્ય છે.) તે પછી કોન્ફરન્સનું બંધારણ મજબૂત થવા માટે કોન્ફરન્સ રૂપ કલ્પલતાને સર્વદા સિંચન કરનાર અને કોન્ફરન્સના પ્રતિ વર્ષના મહત્ કાર્યને પૂર્ણ પુષ્ટિ આપનાર સાતમો ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો હતો, જે વિષે ઘણું સારું વિવેચન કરવામાં આવ્યું હતું.

## ત્રીજા દિવસનું કૃત્ય.

ત્રીજે દિવસે મોટા સમારંભ સાથે કોન્ફરન્સનું કામ ચાલ્યું હતું. તે પ્રસંગે પણ મહારાજા ગાયકવાડે પોતાના યુવરાજ સાથે પધારી તે મહાસમાજના મંડપને અલંકૃત કર્યો હતો. આ સુશોભિત બેઠકમાં બીજા કેટલાએક નવા અગત્યના ઠરાવો પ્રસાર કરવામાં આવ્યા હતા. જે વિષય કમિટીના વિદ્વાન્ ગૃહસ્થોનું બુદ્ધિબલ સૂચવતા હતા. તે ઠરાવની ચર્ચારૂપ ઘણાં અગત્યના ભાષણો કરવામાં આવ્યા હતા. જીર્ણ ચૈત્યોદ્ધારને લગતા ઠરાવમાં રાય કુમારસિંહનું ભાષણ અસરકારક હતું. જૈન કોન્ફરન્સમાં બીજી કોમની લાગણીને પ્રદર્શિત કરનારૂં મી. કુંવરજી આણંદજીનું સંક્ષિપ્ત ભાષણ ચિત્તાકર્ષક હતું. તે ઊપરથી આપણને એટલું તો સિદ્ધ થાય છે કે, ભારતવર્ષના જૈનોએ જે આ સમારંભ આદર્યો છે, તેને સર્વ કોમની પ્રજા અભિનંદન આપે છે. મંદિરોના જીર્ણોદ્ધારને વિશેષ પુષ્ટિ આપનારૂં મી. મોહનલાલ પુંજાભાઇનું ભાષણ પણ હૃદયવેધક હતું. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થ પ્રથમથીજ કોરન્ફરન્સની નિસ્વાર્થ સેવા બજાવેછે તે, આપણે જાણીએ છીએ, તેથી તેના આ પરોપકારી પ્રયાસ માટે તેમને ધન્યવાદ ઘટે છે. જૈન ડિરેક્ટરી કે જે ભારતવર્ષની જૈન પ્રજાનું સર્વસંગ્રહ દર્પણ રૂપ છે તે વિષે જૈન પત્રના અધિપતિ મી. ભગુભાઇ ફત્તેચંદ કારભારીના ઊદ્ગારો ખરેખરા સ્તુત્ય હતા. એ સાહસિક નર જૈન પત્ર બાહેર પાડી ભારતવર્ષના જૈન વર્ગને ધાર્મિક તથા વર્ત્તમાન ચર્ચા રૂપ દિવ્ય દર્પણ આપી સાધર્મી બંધુઓની ઉત્તમ સેવા બજાવે છે. આ શુભ પ્રસંગે સર્વનું ધ્યાન ખેંચનાર હાનિકારક રીવાજો દૂર કરવાનો ઠરાવ ઘણો સારો ચર્ચાણો હતો, માનવંતા મી. ઢઢ્ઢાએ એ ઠરાવ રજુ કર્યો હતો, તેને ઉત્તમ સમર્થન આપનાર પ્રોફેસર નથુ મંચ્છાચંદે એક અસરકારક ભાષણ કરી સર્વની મનોવૃત્તિ આર્દ્ર કરી હતી. તે પછી મી. લાલને પોતાના વચન લાલિત્ય સાથે શાસ્ત્રીય પ્રમાણો આપી તે વિષયને પૂર્ણ પુષ્ટિ આપી હતી. મી. લાલન સાધર્મી બંધુઓના ઊદ્ધાર માટે તન મન ધનથી આત્મ ભાગ આપનાર એક વીર નર છે.

આ પ્રસંગે કોન્ફરન્સના જુદા જુદા ખાતાઓના ફંડોની આબાદી માટે આપણા માનવંતા પ્રમુખ સાહેબે રૂપીઆ પાંચ હજારની મોટી ભેટ અર્પણ કરી પોતાની સાર્વજનિક કાર્ય તરફની ઉદારતા દર્શાવી આપી હતી. છેવટે ગુજરપતિ મહારાજા યુવરાજ ફત્તેસિંહરાવે કેલવણીને લગતું એક સવિસ્તર ભાષણ આપ્યું હતું, જેમાં બીજા સાંસારિક કુરીવાજોનું દિગ્દર્શન કરાવી એ વિદ્વાન્ યુવરાજે જૈનપ્રજાની આગલ પોતાના ઉમદા વિચાર જાહેર કર્યા હતા. યુવરાજના તે સદ્બોધક ભાષણ વખતે આપણને પ્રાચીન કાલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ ધર્મ ગણાતા જૈન ધર્મનું પરિપૂર્ણ ભાન આવતુ હતું. આ શિવાય બીજા વક્તાઓના વિશેષ વિવેચન એવા થયા હતા કે જે આપણી આ ત્રીજી કોન્ફરન્સના કર્ત્તવ્યને બીજી પ્રજાની આગલ પ્રશંસાપાત્ર કરતા હતા. આ શિવાય કોન્ફરન્સના બીજા વખતમાં જૈન નહીં છતાં પણ નિષ્પક્ષપાતથી પ્રવૃત્તિ કરનારા બીજા બે વિદ્વાનોના ભાષણ આપણા ધર્મની અહિંસા તત્વની મુદ્રાને અને પ્રાચીનતાને પૂરવણી આપનારા થયા હતા મી. લાભશંકરે જૈનોના અતિ પવીત્ર અહિંસાધર્મ માટે ઉચ્ચ અભિપ્રાય આપ્યો હતો. ભારતવર્ષના પ્રખ્યાત મી. બાલગંગાધર તિલકે બ્રાહ્મણ અને જૈન ધર્મ વિષે ઘણું અસરકારક વર્ણન કરી જૈનોની પ્રાચીનતાના અને તે ધર્મે કરેલા આર્યાવર્ત્તના હિંસા ધર્મને ઊન્મૂલન કરનારા નિષ્પક્ષપાત પ્રમાણો આપ્યા હતા.

આ પ્રમાણે ગુર્જર રાજધાનીમાં વિજય ડંકો વગાડી જૈન કોન્ફરન્સ પોતાના અનાગત વર્ષના સ્થાનને જૈન ધર્મની જાહોજલાલી દર્શાવનાર અને જૈન મંદિરોથી મંડિત એવા અણહિલપુર પાટણમાં નિર્ણીત કરી નિર્વિધ્નપણે વિસર્જન થઇ હતી. સદાકૃપાલુ શાસના દેવતા એ વિજયિ મહાસમાજની રક્ષા કરો.

" तथास्तु "

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ઠ ૮૨ થી ચાલુ. )

શેઠ અમૃતચંદ્ર, તમે જે ચિંતામણિના વિયોગનો શોક કરોછો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુત્રનો સંયોગ થતાં તમને કેટલો આનંદ થશે, તેનો તત્વબુદ્ધિથી વિચાર કરજો. તે આનંદ કયા પ્રકારનો છે ? તે ક્યાંસુધી ટકવાનો છે ? તે આનંદનું ફલ તમને શું મલવાનું છે ? તે આનંદ તમારા હૃદયની મલિનતા કેટલી હરેછે ? તે આનંદથી તમને કેવી ઉચ્ચતા પ્રાપ્ત થાય છે અને તે આનંદ તમારા બંને લોકમાં કયા લોકનું ફલ આપનારો છે ? આ પ્રશ્નોના ઉત્તર જ્યારે તમે તમારા સમ્યકત્વવાલા આત્માની સાથે સરખાવી આપવા ધારશો, તો તમારે પશ્ચાતાપજ કરવો પડશે. કદિ અજ્ઞ કે મિથ્યાત્વી હોય તેને તો તે વિષયનું જરાપણ ભાન થતું નથી પણ તમે સમ્યકત્વ ધારી ઉત્તમ શ્રાવક ગણાઓ છો, જોકે આ તમારી સ્થિતિ જોઈ તમને સમ્યકત્વ ધારી એ વિશેષણ આપતાં મનમાં આંદોલન થાયછે, તથાપિ અમારી દૃષ્ટિએ તમને તેવા જોવાની અમારી ઇચ્છા છે, તેથીજ એ વિશેષણ આપવામાં આવ્યું છે. શેઠજી, તમારા પુત્રના સંયોગજનિત આનંદને ખરો આનંદ માનશો નહીં. તે આનંદ સર્વથી તુચ્છ છે. ખરેખરો આનંદ આત્માના સ્વરૂપને ઓલખવાથી થાયછે. તેજ આત્માનંદ કહેવાય છે. બીજા સાંસારિક આનંદ આત્માનંદની આગલ ક્ષુદ્રમાં ક્ષુદ્ર છે. શેઠજી, તમારે તો સાંસારિક આનંદ તરફ ઉપેક્ષા કરવી જોઇએ. વ્યવહારનો ઉગ્ર પ્રવાહ તમને વહન કરે નહીં તેમ તમારે વર્તવું જોઇએ. વ્યવહાર ઉપર અભાવ ઉપજવો બહુ કઠિન છતાં, તેમ કરવા માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવી, એ અત્યુત્તમ સાધન છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિથી સ્વતંત્ર, પરમ પવિત્ર અને તત્વદર્શી થઇ શકાય છે. સત્યાસત્ય સમજવામાં આવે, વૃત્તિઓને નિયમમાં રાખવાજોગ મનોનિગ્રહ કરી શકાય, સંસારના સર્વ પ્રકારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયોપરની વાસના દુર થઈ જાય, ગમે તે પ્રકારનુ દુઃખ, સુખરૂપ માની ને આદર પૂર્વક ભોગવી લેવા જેટલું ધૈર્ય ધારણ કરી શકાય, મહાત્માઓના વચનો પર વિવેક ભરેલી શ્રદ્ધા ઊત્પન્ન થાય અને પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓલખી પરમાત્માના સ્વરૂપને વિષે પ્રેમ ઉત્પન્ન થાય, ત્યારેજ આત્મજ્ઞાનના ફલરૂપ પરમપદની પ્રાપ્તિ થાયછે. આ વ્યવહારને સ્વપ્નવત્ સમજી તેનાપરની દઢ આસક્તિથી મુક્ત થવામાંજ પરમ સુખ અને આનંદ છે કારણ કે અજ્ઞાનને લીધેજ આ જગતના વ્યવહારો દુઃખના કારણરૂપ થઈ પડેછે. શેઠજી, તમને વિશેષ શું કહેવું એ બધાનો સારરૂપ અનિત્ય ભાવના મનમાં દઢ કરી તે વિષે મનને લગાડીદેવું મન એ વસ્તુ વિચિત્ર છે. ઘડીએ ઘડીએ રૂચિને બદલતું છતાં અને અનેકવાર અનેકપ્રકારની ઇચ્છાને ઉત્પન્નકરતું છતાં દ્રઢતાને ડાહાપણનો ડોળ ઘાલનારૂ છે. માટે તે મનને અનિત્ય ભાવનામાં લગાડી પછી આત્માનંદમાં સ્થિરતા સ્થાપવી, એજ ખરાંસુખનો અનુભવ કરાવનારૂં ખરૂં સાધનછે. જ્યારે એ સાધન તમે પ્રાપ્ત કરશો એટલે પછી તમને ચિંતામણિ વિષેનો શોક જરાપણ થશેનહીં. પછી તમે ચિંતામણિને પુત્રરૂપે જોશો નહીં પણ એક પદાર્થ રૂપે જોશો. તેપદાર્થ તમારીસાથે સંબંધ ધરાવેછે? અને તેસંબંધથી ખરૂં સુખ શું છે? એસર્વનું તમને ભાન આવશે. એભાનથી તમે તમારા આત્માને શોક રહિતકરી શકશો અને છેવટે તેના મહામોહમાંથી મુકાવી શકશો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની.

( અનુ સંધાન ગતાંક પાને ૪૫ થી )

વળી સાંખ્ય દર્શનના પંડિતે કહ્યું કે અમારા દર્શનમાં પુરૂષ તત્વ આત્માને કહે છે. આત્મા વિષય સુખાદિના કારણ પુણ્ય પાપ કરતો નથી તેથી આત્મા " અકર્ત્તા " છે; કારણ કે આત્મા તૃણ માત્ર પણ તોડવાને સમર્થ નથી. કર્ત્તા જે છે તે માત્ર પ્રકૃતિજ છે, કારણ કે પ્રકૃતિમાંજ પ્રવૃત્તિ સ્વભાવ છે; તેમજ આત્મા "વિગુણ:" છે અર્થાત્ સત્વ, રજ: અને તમ: ગુણથી રહિ છે. એ ત્રણ પ્રકૃતિના ધર્મ છે. વળી આત્મા " અભોક્તા " સાક્ષાત્ ભોક્તા પણ નથી, પરંતુ પ્રકૃતિના વિકારભૂત ઉભયમુખ દર્પણાકાર જે બુદ્ધિ છે, તેમાં સંક્રમણ થયા થકાં નિર્મળ આત્મ સ્વરૂપ વિષે સુખ દુ:ખોના પ્રતિબિંબ ઉદય માત્રથી આત્મા ભોક્તા કેહેવાય છે. જેમ જાસુદનુ પુષ્પ સ્ફટિકમણિની સમીપમાં રેહેવાના કારણથી સ્ફટિકમણિ રક્ત દેખાય છે, તેમ પ્રકૃતિના નિકટ સંબંધથી આત્મા પણ સુખ દુ:ખોનો ભોક્તા કેહેવાય છે. તેથી આત્મા " અકર્ત્તા —વિગુણ:— અભોક્તા અને એકાંત નિત્ય છે " પ્રકૃતિ પુરૂષથી અન્ય છે એવુ જ્યારે જ્ઞાન થાય છે ત્યારે આત્મા મુકત થાય છે.

રાણી—પંડિતજી, જો તમે આત્માને એકાંત નિત્ય ઇત્યાદિ વિશેષણોવાળો માનો છો તો પછી આત્માને સંસાર ક્યાંથી લપટાયો ? જો કહો કે નિર્મળ આત્માને સંસાર લપટાય છે, તો મોક્ષ થયા પછી પણ આત્માને સંસાર લપટાવો જોઇએ. જો આત્માનો મોક્ષ થયા પછી પણ સંસારનો સંબંધ થાય તો એ મોક્ષ શુ થયો; એવો મોક્ષ તો કેવળ વિટંબનાજ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણીના આવા બુદ્ધિ બળથી તથા તર્ક શક્તિથી રાજાને સંતોષ થયો અને આ સર્વે ગર્ભનો પ્રભાવ છે એવું માની હર્ષ પામવા લાગ્યો. પછી મીમાંસક દર્શનના પંડિત આવ્યા; તેને સિંહાસન અંગીકાર કરવા વિનંતિ કરી. તે પંડિતે પણ સિંહાસન ઉપર બેસી પોતાના દર્શનનું સ્વરૂપ કહેવા માંડયું. રાજારાણી તેની સન્મુખ ઉચિત સ્થાનકે બેઠા.

મીમાંસક દર્શનના પંડિતે કહ્યુ કે—હે મહાદેવિ! અમારા દર્શનનું બીજું નામ જૈમિનીય દર્શન છે. અમારા દર્શનમાં સાંખ્ય દર્શનવાળાની જેમ એક દંડી તથા ત્રિદંડી હોય છે. ધાતુ રક્ત વસ્ત્ર પહેરે છે. મૃગચર્માસન ઉપર પણ બેસે છે. કમંડલ રાખે છે. શિરમુંડન કરાવે છે. માત્ર વેદનેજ અનાદિ ગુરૂ માને છે. તે શિવાય અમારા દર્શનમાં બીજો કોઈપણ વક્તા ગુરૂ નથી. વળી અમારા દર્શનમાં બે ભેદ છે. ૧ પૂર્વ મીમાંસક, ૨ ઉત્તર મીમાંસક. જેઓ યજ્ઞાદિ ષટ્કર્મની વિધિના કરનારા છે તેઓ પૂર્વ મીમાંસાવાદી છે અને જેઓ બ્રહ્માદ્વૈતજ માને છે તેઓ ઊત્તર મીમાંસાવાદી વેદાન્તિ છે. ઊત્તર મીમાંસાવાદી એકજ આત્મા સર્વ શરીરોમાં છે એમ માને છે. જેમ સરોવરના કિનારા ઉપર ઉભા રહેલા ચારે બાજુના સર્વે માણસો સરોવરના જળમાં પ્રતિબિંબ પડેલા ચંદ્રને, એક ચંદ્ર છતાં દરેક પોત પોતાની દષ્ટિએ પૃથક્ પૃથક્ દેખે છે, તેમ સર્વ શરીરોને વિષે રહેલો આત્મા એકજ હોવાં છતાં પ્રત્યેક પ્રાણી પોત પોતાનો આત્મા પૃથક્પૃથક્ છે એમ માનેછે. જે વસ્તુતઃ નથી તેથી આત્મામાંજ લય થવું તેનું નામ મુક્તિ છે. બીજી કાંઇ મુક્તિ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી પૂર્વ મીમાંસાવાદી એવુ માને છે કે કોઇપણ આત્મા સર્વજ્ઞ કે સર્વદર્શી હોઈ શકતોજ નથી. તેમ આસૃષ્ટિનો કર્ત્તા એવો કોઇ દેવ પણ નથી. વેદ અનાદિ છે, અપૌરૂષેય છે અર્થાત્ વેદ કોઇએ રચેલા નથી. વેદના વચનોથીજ અતીંદ્રિય પદાર્થોનું જ્ઞાન થાય છે. કોઇપણ શાસ્ત્ર સર્વજ્ઞ પ્રણીત છે એમ અમે માનતાજ નથી, કારણકે સર્વજ્ઞ કોઈપણ કાળમાં થયા નથી, વર્ત્તમાન કાળમાં કોઇ સર્વજ્ઞ છે નહિ અને ભવિષ્યમાં કોઇ સર્વજ્ઞ થવાના નથી.

રાણી—પંડિતજી જ્યારે વેદને આપ અનાદિ અને અપૌરૂષેય માનોછો અને સર્વજ્ઞ પ્રણીતતો કોઈ શાસ્ત્ર નથી એમ પણ માનો છો તો અતીંદ્રિય પદાર્થોનું સ્વરૂપ સર્વજ્ઞ શિવાય બીજું કોણ જણાવવાને શક્તિવાન છે ! વળી વેદને અપૌરૂષેય માનવામાં અનેક શંકાઓ થાયછે. શરીર વિના મુખ હોઇ શકતું નથી અને મુખ વિના વચનો નિકળી શકતાં નથી. બીજા અનેક પ્રકારના ધ્વનિ કે અવાજ તે કાંઈ વચનો કહેવાય નહીં. તેથી વેદ અપૌરૂષેય કે અનાદિ હોય એમ માની શકાતુ નથી. વળી સર્વ શરીરોમાં એકજ આત્મા છે એ પણ વાસ્તવિક લાગતું નથી કારણકે જેમ સરોવરની ચારે બાજુએ ઊભા રહેલા મનુષ્યોને જોકે પોતપોતાની દૃષ્ટિમાં ચંદ્ર પૃથક્ પૃથક્ ભાસેછે પરંતુ તેઓ મધ્યેના દરેકને ચંદ્રની ક્રિયા પૃથક્ પૃથક્ ભાસતી નથી, સર્વને એક સરખીજ ભાસે છે; તેમ જો આત્મા સર્વ શરીરોમાં એકજ હોયતો સર્વ શરીરધારીની ક્રિયા એક સરખીજ હોવી જોઈએ. ભિન્નભિન્ન પ્રકારની કદાપિ હોઇ શકેજ નહી.

રાણીની તર્કશક્તિ બહુજ ચમત્કારિક થવાથી રાજાને બહુજ આનંદ થયો. તેણે તરતજ બીજા મતના પંડિતને બોલાવવા સૂચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના કરી જેથી બૌદ્ધ મતના પંડિત હાજર થયા. રાજાએ તેમને સિંહાસન ઉપર બેસવા વિનંતિ કરી. સિંહાસન ઉપર બૌદ્ધ દર્શનના પંડિત બેઠા. રાજા રાણી તેમના સન્મુખ ઉચિત સ્થાનકે બેઠા.

બૌદ્ધ દર્શનના પંડિતે કહ્યું કે હે મહાદેવિ ! અમારા દર્શનની ચાર શાખાઓ છે. ૧ વૈભાષિક, ૨ સૌતાંત્રિક, ૩ યોગાચાર; ૪ માધ્યમિક અમારા દર્શનમાં ગુરૂઓ મસ્તક મુંડાવેછે, ચર્મનું આસન રાખે છે, કમંડલ રાખે છે અને ધાતુરકત વસ્ત્ર પહેરેછે અમારા દર્શનમાં શૌચ ક્રિયા અતિશય છે. અમે ભિક્ષાપાત્રમાં જે કાંઇ પડે તે સર્વ શુદ્ધ એમ માની કદાચ માંસ પણ આવી પડયું હોયતો ખાઈ જઈએ છીએ. બ્રહ્મચર્ય પાળવામાં બહુજ દઢ છીએ ૧ ધર્મ, ૨ બુદ્ધ, ૩ સંઘ. આ ત્રણને અમે રત્નત્રય કહીએ છીએ. અમારા દર્શનમાં–શાસનમાં વિઘ્નને નાશ કરનારી તારા નામની દેવી છે. વળી અમે ચાર વસ્તુ માનીએ છીએ ૧ દુઃખ, ૨ સમુદાય, ૩ માર્ગ, ૪ નિરોધ. તેમાં પ્રથમ જે દુઃખ છે તે પાંચ સ્કંધરૂપ છે. તેના નામ ૧ વેદના સ્કંધ, ૨ જ્ઞાનસ્કંધ, ૩ સંજ્ઞાસ્કંધ, ૪ સંસ્કાર સ્કંધ, ૫ રૂપસ્કંધ. આ પાંચ વિના આત્મા એવો બીજો કોઈપણ પદાર્થ નથી. આ પાંચે સ્કંધ સર્વ એક ક્ષણ માત્ર રહેછે, નિત્ય નથી, તેમ વિશેષ વખત પણ રહેતાં નથી.

આ દુઃખતત્વનું કારણ ભૂત બીજું સમુદાય તત્વ છે. જગતમાં રાગ દ્વેષનો જે સમૂહ ઉત્પન્ન થાયછે તે " આહુંછું, આ મારૂં છે " " આ પર છે, આ પરની વસ્તુ છે " એવા સંબંધવાળી માન્યતા કરવાથીજ રાગદ્વેષ ઉત્પન્ન થાયછે, તેનું નામ સમુદાય તત્વ. આ દુઃખ અને સમુદાય એવા બે તત્વોજ સંસારની પ્રવૃત્તિના હેતુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બંને તત્વોના વિરોધી એવા માર્ગ અને નિરોધ" તત્વોછે. સર્વ પદાર્થ ક્ષણિક છે અર્થાત્ ક્ષણ માત્ર રહી નાશ પામે છે. આત્મા કે બીજો કોઇ પણ સર્વકાળ સ્થાયી નથી. પૂર્વ ક્ષણનો નાશ થતાંજ તેના સરખો ઉત્તર ક્ષણ ઉત્પન્ન થાય છે તેમ પૂર્વ જ્ઞાનમાં ઉત્પન્ન થયેલી વાસના તે ઉત્તરજ્ઞાનમાં શક્તિ રૂપ થાય છે એવી રીતે ક્ષણોની પરંપરા પૂર્વક જે માનસી પ્રતીતિ થાયછે તેનું નામ માર્ગતત્વ છે.

માર્ગતત્વ નિરોધતત્વનું કારણછે. એટલે મોક્ષ—ચિત્તની જે નિઃકલેશ અવસ્થા તે નિરોધ છે.

રાણી—પંડિતજી! જ્યારે તમે આત્માને ક્ષણિક માનોછો ત્યારે હિંસકવૃત્તિ અને દયાવૃત્તિના ફળનો લાભ કોને થશે ? બંધ અન્યને થશે અને મુક્તિ અન્યની થશે. ક્ષુધા અન્યને લાગશે અને તૃપ્તિ અન્યને થશે. અનુભવ અન્યને થશે અને સ્મરણ અન્યને થશે. જુલાબ અન્યને થશે અને રોગ રહિત અન્ય થશે. તપઃ કલેશ અન્યને થશે અને સ્વર્ગાદિ ફળ પ્રાપ્તિ અન્યને થશે. અભ્યાસની પ્રવૃત્તિ અન્ય કરશે અને અભ્યાસનું ફળ અન્યને થશે. આવીરીતે સર્વ હકિકત જો થતી હોયતો તે યુક્તિયુક્ત ભાસતું નથી.

---

# વ્યવહાર શુદ્ધિ.

(અનુસંધાન ગતાંક પાને ૯૨ થી.)

નીતિ પૂર્વક દ્રવ્ય ઉપાર્જન કરનાર મનુષ્યજ મંગળમૂર્તિ હોઈ શકે છે અર્થાત્ તે મંગળ રૂપ હોય છે અને તે મંગળ રૂપ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને લક્ષ્મી સ્વભાવિક રીતે પ્રાપ્ત થાય છે. તેવી રીતે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો વ્યય આ ભવ અને પર ભવમાં સુખોત્પાદક થાય છે, તેથી વિપરીત પણે અર્થાત્ અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવામાં આવે છે તો તેનું ફળ આ ભવ અને પરભવ બંનેમાં દુઃખોત્પાદક થાય છે. કદાચ કોઈ કોઇ મનુષ્યને અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી આ ભવમાં વૈભવાદિ સુખાભાસ ભોગવતા દેખીએ તોપણ તે વૈભવાદિ ભોગનું સુખ વસ્તુતઃ દરાજની ખુજલીને વલુરવાથી લાગતી મિઠાશના જેવું સુખ સમજવું.

વ્યવહાર શુદ્ધિના સંરક્ષણ નિમિત્તે ન્યાય પુરઃસર દ્રવ્ય ઉપાર્જન કરવાની જેટલી આવશ્યક્તા છે તેટલીજ આવશ્યક્તા તે દ્રવ્યનો ન્યાય પુરઃસર અર્થાત્ નીતિ પૂર્વક વ્યય કરવાની બાબતમાં છે. જે મનુષ્ય આવક અને ખર્ચ બનેમાં નીતિ યુક્ત પ્રવર્ત્તન રાખતો નથી તે પોતાની અધમ દશાને આમંત્રણ કરતો હોય એવું સ્પષ્ટ ભાસે છે. ઉપજના પ્રમાણમાં ખર્ચ જે રાખતો નથી તે વ્યવહારમાં શુદ્ધ પ્રવર્ત્તન રાખી શકતો નથી એટલુંજ નહીં પરંતુ વિશેષ ખર્ચના કારણથી કરજના બોજામાં તેને પોતાનું મસ્તક દાખલ કરવું પડે છે; અને જ્યારે કરજનો બોજો મસ્તક સહન કરવાને અશક્ત થાય છે ત્યારે મગજના જ્ઞાન તંતુઓ ઉપર વિપરીત અસર થવા માંડે છે. શરૂઆતમાં તો સામાન્ય અધર્મવૃત્તિ થાય છે. કરજ ઘણું વધવા માંડયું છે તેથી જો કોઈ ઠેકાણેથી કોઇનું પડી રહેલું, વિસરી ગયેલું ઈત્યાદિ પ્રકારનું દ્રવ્ય હાથ લાગી જાય તો આ કરજની ઝુંસરીમાંથી નિકળી જાઉં, એવી રીતનો પરાઈ મિલકતનો સાપરાધ ખોટો ઉપયોગ કરવાનો સંકલ્પ ઉત્પન્ન થાય છે. તેવી ધારણા જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર પડતી નથી ત્યારે ઠગાઈ, વિશ્વાસઘાત, ચોરી, ધાડચોરી, જૂઠા દસ્તાવેજ બનાવવા, દ્રવ્ય લઈ જૂઠી સાક્ષીઓ પૂરવી ઈત્યાદિ મહા અધર્મના કાર્યો કરવાની વૃત્તિ થાય છે. આખરે અંતઃકરણ તદન શ્યામ થઈ જાય છે. જે નીતિ પૂર્વક દ્રવ્ય ઉપાર્જન કરતો નથી તેમજ નીતિપૂર્વક દ્રવ્યનો વ્યય કરતો નથી, તે ધર્મના બીજા અનેક કાર્યો કરતો હોય છતાં તેની અંતઃકરણરૂપ ભૂમિકા અશુદ્ધ હોવાથી, સારવાર નહીં હોવાથી તેમાં વાવેલું અન્ય ધર્મ કાર્ય રૂપ બીજ યથાર્થ ફળની નિષ્પત્તિ કરતું નથી. અન્યાયથી ધન ઉપાર્જન કરનારા અને અન્યાયથી ધનનો વ્યય કરનારા મનુષ્યો ધર્મના બીજા કાર્યો રૂડી રીતે કરતા હોય છતાં અન્ય લોકો તેને "ધર્મઠગ" ઇત્યાદિ ઉપનામો આપી જાહેર કરે છે. જ્યારે ગૃહસ્થની વ્યવહારમાં નીતિ યુક્ત પ્રવૃત્તિ અન્ય સર્વ મનુષ્યોના સંબંધમાં હોય અને તે ગૃહસ્થને યોગ્ય ધર્મના સર્વ કાર્યો કરતો હોય ત્યારે તેની જીંદગી દુધ અને સાકરની મિશ્ર મિઠાશ જેવી તે અનુભવે છે.

એકદા શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની સમીપમાં વ્યાખ્યાન અવસરે કુમારપાળ મહારાજા ગૃહસ્થને યોગ્ય નીતિ અને ધર્મનું વ્યાખ્યાન શ્રવણ કરતા હતા. તે અવસરે મુનિની વ્યવહાર શુદ્ધિ અને ગૃહસ્થની વ્યવહાર શુદ્ધિ બાબતમાં કેટલીક તારતમ્યતા છે તે સંબધી ખુલાસો કરવા કુમારપાળ મહારાજાએ આચાર્ય મહારાજને વિનતિ કરી. આચાર્ય મહારાજાએ જણાવ્યું કે મુનિના અને ગૃહસ્થોના વ્યવહારમાં માત્ર ક્ષમા ગુણનેજ વહન કરવામાં કેટલો અંતરછે તે પ્રથમ જાણવા યોગ્યછે. ગૃહસ્થને કોઇ તાડન તર્જન કરે તેની મિલ્કતને કોઇ નુકશાન કરે ઈત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગે કદાપિ ગૃહસ્થ રાજ્ય દરબારમાં જઈ ફરીઆદ કરે તો તેના તેવા પ્રકારના વર્ત્તન માટે કોઇ નિંદા કરતું નથી અને તેવે પ્રસંગે મુનિ જો રાજ્યદરબામાં જઈ ફરીઆદ કરે તો તે તેના વ્યવહારને ઉચિત કાર્ય તરીકે નહી માનતાં ઊલટી તેના વ્યવહારની હીલના થાયછે. તેવી બાબતમાં ધોબી અને એક મુનિનું દૃષ્ટાંત જાણવા યોગ્ય છે.

કોઈ એક મુનિ નદીના તટ ઉપર એક ધોબીની શિલા ઉપર કાઉસ્સગ્ગ ધ્યાન ધરીને ઊભા રહયાં હતા. તે ધોબી રાજાના લુગડાં ધોનારો હતો. લુગડા ધોવા સારૂ નદીનાતટ ઊપર પોતાની શિલા નજીક આવીને ઊભો રહયો. તેણે પોતાની શિલા ઊપર મુનિને ધ્યાન ધરી ઊભેલા જોઇને વિચાર્યુંકે આ મુનિ પરમેશ્વરની ભક્તિમાં લીન થઈ ગયેલાછે તેથી થોડી વારે જયારે ધ્યાનથી મુક્ત થશે ત્યારે લુગડાં ધોઇશ, એમ ઘણી વાર સુધી વાટ જોતો ધોબી ઊભો રહયે. મુનિ પણ કાઊસ્સગ્ગમાં દીર્ઘ કાળસુધી સ્થિર રહયા. થોડી વારે ધોબી બોલ્યો. બાપજી તમે આ શિલા ઊપરથી ઉઠી જરા દૂર જઇ બીજી જગાએ બેસી ધ્યાન ધરોતો સારૂ. મારે રાજાના લુગડાં ધોવાની બહુજ ઊતાવળછે મુનિતો કાંઇ પણ બોલ્યા નહિ, ત્યારે વળી થોડીવાર રાહ જોઇને ફરી ધોબીએ મુનિને કહ્યું કે, મહારાજ, હવે ઉભા થાઓતો બહુ સારૂ. હુ બહુજ ખોટી થાઊંછું. મુનિએ ધોબીના વચન ઊપર લેશ માત્ર લક્ષ્ય આપ્યું નહીં. આખરે ધોબીએ કાયર થઇ મુનિને હાથ ઝાલીને નીચે ઊતાર્યા. નીચે ઊતારતાંજ મુનિને બહુજ ક્રોધ ચડયો, જેથી તેણે ધોબીને ધક્કો માર્યો. સાધુને ક્રોધી જોઈને ધોબીની શ્રદ્ધા તેના ઊપરથી ઊઠી ગઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેથી તેણે તેને સામો ધક્કો માર્યો. ઊત્તરોત્તર ગાળો દેતા દેતાં બંને જણાઓ બાથંબાથા આવ્યા. કોઈ કોઈને છોડતું નહોતું આખરે ધોબીએ જોર કરીને મુનિને ભોંય ઊપર નાંખી દીધા અને મુનિની છાતી ઊપર ચઢી તેનું ગળું દબાવ્યું તે વખતે મુનિએ કાયર થઇને પોતે આરાધન કરેલા દેવત્તાની સ્તુતિ કરી કહ્યું કે, હે દેવ ! હું આટલી આટલી તમારી આરાધના કરૂંછુ તેમ છતાં તમે મને આ ધોબી પાસેથી કેમ છોડાવતા નથી ? આવા મારા સંકટ સમયે તમે કયાં ગયા છો ? તે સાંભળી દેવતાએ આકાશમાંથી જવાબ દીધોકે, એતો ખરૂં, પરંતુ ધોબી કયો અને સાધુ કયો તે મારાથી ઓળખાતું નથી તો પછી મારે કોને સહાય કરવી ? તેજ વિચારમાં હું પડી ગયો છું. દેવનું આવું વચન સાંભળીને સાધુ સમજી ગયા અને ધોબીની પાસે હાથ જોડી ક્ષમા માગી, જેથી ધોબીએ સાધુને છોડી દીધા.

સાર એછે, કે મુનિ પોતાના વ્યવહાર રૂપ નિસરણીનું પેહેલું પગથીયું જે ક્ષમા ગુણ તેને ચૂકી જતાં આરાધન કરેલા દેવે પણ તેનું સંરક્ષણ કર્યું નહિ.

For Private And Personal Use Only